# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

# બુધવાર, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - નર્મદા અને કલ્પસર - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - રમતગમત અને યુવક સેવા - પંચાયત - વહિવટી સુધારણા અને તાલીમ આયોજન ].

**કુલ પ્રશ્નો 71**

----

### અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ દંડ

15/4/1399 *1 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફીક નિયમોના ભંગ બદલ કેટલા ઈ-મેમો ઈસ્યુ કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત શહેરવાર/જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસુલવા શા પગલા લીધા?

----

### દાહોદ જિલ્લામાં “ઈનસ્કૂલ"શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

15/4/1001 *2 **શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા (ફતેપુરા):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

----

**ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવા બાબત**

15/4/1588 *3 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગુજરાત રેગ્યુલાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ એકટનો અમલ કયારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉકત એકટ હેઠળ ગેરકાયદે બાંધકામો કાયદેસર/નિયમિત કરવા ઈમ્પેકટ ફી ભરવા માટે કયારે મુદતમાં કેટલો વધારો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કરવામાં આવ્યો, અને

(૩) ઈમ્પેકટ ફી ભરવાની મુદતમાં વધારો કરવાના કારણો શા છે?

----

**રાજકોટ જિલ્લામાં ખાણ-ખનિજ વિભાગ દ્વારા પકડેલ વાહનોને નકલી હુકમો રજૂ કરીને છોડાવવા બાબત**

15/4/1577 *4 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખાણ-ખનિજ ખાતા દ્વારા પકડેલ ટ્રક (વાહનો) પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ હોય તે ટ્રક અને અન્ય વાહનો ભૂસ્તરશાસ્ત્રીના નકલી હુકમો રજુ કરીને છોડાવી ગયા તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયા પ્રકારના કેટલા વાહનો નકલી હુકમોના આધારે છોડાવેલ છે, અને

(૩) તે અન્વયે શા પગલાં લેવામાં આવ્યા?

----

## દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/957 *5 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

## કચ્છ અને ભાવનગર જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1557 *6 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને ભાવનગર જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં આશ્રય સ્થાન (સાઈકલોન શેલ્ટર) બનાવવા બાબત

15/4/399 *7 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં કેટલા આશ્રય સ્થાન (સાઈક્લોન શેલ્ટર) બનાવવામાં આવેલ છે, અને

(૨) કેટલા બાકી છે, અને

(૩) જે આશ્રય સ્થાન બનાવવાના બાકી છે તેના કારણો શા છે ?

----

## નર્મદા યોજના કામ પૂર્ણ કરવા બાબત

15/4/1574 *8 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**નર્મદા અને કલ્પસર :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૩૧ (અગ્રતા-૧૪)ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) નર્મદા યોજનાના તમામ કામો વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન હતું તો તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા પ્રકારના કેટલા કામો બાકી છે,

(૨) નર્મદા યોજના પૂર્ણ થવાની ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાની શક્યતા હતી તો ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટરમાં નર્મદા યોજનાથી સિંચાઈનો લાભ મળે છે,

(૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

----

## ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકાઓમાં તલાટી-કમ-મંત્રીઓની ઘટ

15/4/544 *9 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા, વિજયનગર તથા પોશીના તાલુકાઓમાં તાલુકાવાર કેટલા સમયથી કેટલા તલાટી-કમ-મંત્રીઓની જગ્યા ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યા ભરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## સાબરકાંઠા અને આણંદ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1566 *10 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને આણંદ જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## રાજ્યમાં વિવિધ સંવર્ગમાં પોલીસદળની ભરતી

15/4/993 *11 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પોલીસદળમાં કર્મચારી/ અધિકારીઓની ભરતી કરવામાં આવી છે કે કેમ,અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારી/અધિકારીઓની ભરતી કરવામાં આવી છે?

----

## અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

15/4/751 *12 **શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બિન-ખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનના બાંધકામ બાબત

15/4/693 *13 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના મકાન મંજુર કરવામાં આવ્યા, તેના માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પંચાયતના મકાન નોનયુઝ જાહેર કરેલ છે અને તે ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

----

## ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/958 *14 **શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ (માણસા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1583 *15 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉકત પકડાયેલ જથ્થા અન્વયે ઉકત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉકત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની મંજૂર જગ્યાઓ

15/4/960 *16 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## ધ્રાંગધ્રા શાખા નહેરની લંબાઈ અને પાણીનું વહન

15/4/964 *17 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ઘનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી-૧૮)ની વેગડવાવ માઈનોર-૧ની કુલ લંબાઈ કેટલી છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઈનોરનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો સદરહું માઈનોરમાં પાણીનું વહન ચાલુ છે કે કેમ?

----

## વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/4/963 *18 **શ્રી શૈલેષભાઈ કનૈયાલાલ મહેતા (ડભોઈ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ડભોઈ તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત મકાન માટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી છે?

----

## સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ

15/4/1579 *19 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કેટલી રકમ, ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

----

## આણંદ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

15/4/1000 *20 **શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલ ઈનસ્કુલ શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઈનસ્કુલ શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

----

## રાજકોટ જિલ્લામાં લેબોરેટરી ટેકનીશીયનની મંજૂર જગ્યાઓ

15/4/961 *21 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં લેબોરેટરી ટેકનીશીયનની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## સુરત જિલ્લામાં પંચાયતનું નવીન મકાન બનાવવાની કામગીરી

15/4/962 *22 **શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થશે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/956 *23 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## રાજયમાં નકલી નોટો છાપવાના બનાવો

15/4/1587 *24 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નકલી નોટો છાપવાના કેટલા બનાવો ધ્યાનમાં આવ્યા,

(૨) સરકારે આ કેસોમાં ઉક્ત વર્ષવાર કેટલી નકલી નોટો કબ્જે કરી,

(૩) આવા કેસમાં કેટલા ગુનેગારો સામે શી કાર્યવાહી કરી, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં સરકારી પડતર અને ખરાબાની જમીન

15/4/1219 *25 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પડતર અને ખરાબાની જમીન શા ભાવે કયા હેતુથી ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન કયા હેતુથી માંગણી કરવામાં આવેલ હતી?

----

## નવસારી અને વલસાડ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1593 *26 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માટેની અરજીઓ

15/4/977 *27 **શ્રી સરદારભાઈ શામળભાઈ ચૌધરી (ખેરાલુ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

----

## સુરત જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

15/4/984 *28 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે?

----

## ભાડભુત બેરેજ યોજના

15/4/553 *29 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાડભુત બેરેજ યોજનાની કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) ઉક્ત યોજનામાં કુલ કેટલો ખર્ચ થનાર છે?

----

## આણંદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ

15/4/978 *30 **શ્રી ગોવિંદભાઈ રઈજીભાઈ પરમાર (ઉમરેઠ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર

કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

----

## ગાંધીનગર જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની મંજૂર જગ્યાઓ

15/4/959 *31 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં જુનિયર ફાર્માસીસ્ટની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે?

----

## ગાંધીધામ નગરપાલિકામાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત હાથ ધરેલ કામો

15/4/983 *32 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત ગાંધીધામ નગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેલા કામ ક્યા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## ધાનેરા સર્કીટ હાઉસને રીનોવેટ કરવા બાબત

15/4/940 *33 **શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઈ (ધાનેરા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે આવેલ માર્ગ-મકાન (પંચાયત) હસ્તકનું સર્કિટ હાઉસ જર્જરીત અવસ્થામાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સર્કિટ હાઉસના મરામત/નવુ બનાવવા

માટે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## કચ્છ જીલ્લામાં ખનીજ ચોરીનું ચેકિંગ

15/4/1350 *34 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં ભૂસ્તરશાસ્ત્રી અને ફ્લાઈંગ સ્કવોર્ડ, કચ્છ દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો/લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત તાલુકાવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરી પકડાઈ,

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત તાલુકાવાર કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી?

----

## અમદાવાદ જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

15/4/955 *35 **શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ (સાણંદ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ભાવનગર જિલ્લામાં હકક પત્રક નોંધોનો નિકાલ

15/4/979 *36 **શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા (પાલીતાણા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલી હકક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

----

## બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો દ્વારા ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થાના બિલ

15/4/1144 *37 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો દ્વારા ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોને કેટલી રકમ ચુકવવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર કેટલા મધ્યાહન ભોજન યોજનાના સંચાલકોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ઉકત રકમ ચુકવવાની બાકી રહેવાના કારણો શા છે અને તે કયાં સુધીમાં ચુકવવામાં આવશે ?

----

## માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ગ્રામ્ય માર્ગોને રીપેર કરવા

15/4/945 *38 **શ્રી ગણપતસિંહ વસાવા (માંગરોળ(એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લાના માંગરોળ અને ઉમરપાડા તાલુકાના ગ્રામ્ય માર્ગોને રીપેર કરવા અંગેની કોઇ કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ?

(૨) જો હા, તો કેટલા માર્ગોને રીપેર કરવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

----

## ભાવનગર જિલ્લામાં રમતના મેદાનો

15/4/997 *39 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતનાં મેદાનો આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## એફ.એસ.એલ. દ્વારા પોલિગ્રાફ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ

15/4/994 *40 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં પોલિગ્રાફ પધ્ધતિથી કેટલાં કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

----

## જામનગર જિલ્લાના લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેની કામગીરી

15/4/1544 *41 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૫૧૪ (અગ્રતા-૮૦)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લાના લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેની ૭૦.૮૦ કી.મી. લંબાઈ પૈકી ૩.૭૧૮ કી.મી.ની લંબાઈના રસ્તાની કામગીરી બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી કામગીરી પુર્ણ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાની કેટલા કી.મી.ની કામગીરી બાકી છે, અને

(૩) ઉક્ત બાકી કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

----

## કચ્છ જિલ્લાના માંડવી તથા મુંદ્રા તાલુકામાં સરકારી જમીન પર દબાણ

15/4/1510 *42 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના માંડવી અને મુંદ્રા તાલુકામાં સરકારી જમીન પર દબાણ કરી જમીન વકફ બોર્ડના નામે દાખલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ જમીન પર દબાણ કરનારા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ દબાણો દૂર કરવા સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ માટે સમિતિનું ગઠન

15/4/1560 *43 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સિધ્ધ કરવા કોઈ સમિતિનું ગઠન થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સમિતિનું ગઠન ક્યારે થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, અને

(૪) ઉક્ત બેઠકમાં કેટલા અધિકારી અને પદાધિકારી હાજર રહેલ?

----

## અમદાવાદ શહેર અને જીલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે જમીન સંપાદન

15/4/1400 *44 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જીલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે

તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી?

----

## મહિસાગર અને સુરત જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1589 *45 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને સુરત જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## પોરબંદર અને રાજકોટ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1578 *46 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર અને રાજકોટ જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા રાજયના અધિકારીઓ/કર્મચારીઓ વિરૂધ્ધ કરેલ કાર્યવાહી

15/4/1558 *47 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા વર્ગ-૧,૨,૩ અને ૪ના કેટલા કર્મચારીઓ-અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત કાર્યવાહી થયેલ કેટલા કર્મચારીઓ-અધિકારીઓ કયા વિભાગના છે?

----

**રાજ્યમાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

15/4/1575 *48 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો બન્યા છે,

(૨) કસ્ટોડીયલ ડેથ માટે જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ કસ્ટોડીયલ ડેથના કિસ્સામાં વારસદારોને કેટલું વળતર આપવામાં આવ્યું અને કેટલું વળતર આપવાનું બાકી છે?

----

**વિજયનગર અને પોશીના તાલુકામાં એસ.ટી.ડેપો માટે જમીન સંપાદન**

15/4/547 *49 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજયનગર અને પોશીના તાલુકામાં એસ.ટી.ડેપો બનાવવા કેટલી જમીન ફાળવવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ એસ.ટી. ડેપો બનાવવાનું કામ કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે?

----

**અરવલ્લી અને અમરેલી જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત**

15/4/1567 *50 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને અમરેલી જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## અડાલજ થી મહેસાણા હાઈવે ને છ-માર્ગીય કરવા

15/4/756 *51 **શ્રી હર્ષદભાઇ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અડાલજ થી મહેસાણા હાઈવેને છ માર્ગીય કરવા માટે છેલ્લા બે વર્ષમાં કોઈ નાણાકીય જોગવાઈ કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત માર્ગને છ માર્ગીય ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

## બાયડ તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/4/715 *52 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકા પંચાયતના નવીન મકાન માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બાયડ તાલુકા પંચાયતના મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## એલ.એન.જી. કાર્ગો, એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના

**15/4/1584 *53 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**બંદરો :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૧૩૧૧ (અગ્રતા-૧૩૩)ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) લીક્વીડીફાય નેચરલ ગેસ કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજનાના અમલીકરણ માટે મે.સ્વાન એલએનજી પ્રા.લિ. નામની કંપનીને યોજનાનું બાંધકામ ૮ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી પુર્ણ કરવાનું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામ સમય-મર્યાદામાં પૂર્ણ ન થયેલ હોય તો ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં?

----

## જૂનાગઢ અને જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

**15/4/1580 *54 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને જામનગર જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## બનાસકાંઠા જિલ્લામાં ખેતી/બિન ખેતી જમીનની શરતફેરની અરજીઓ

**15/4/1220 *55 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી તેમજ બીનખેતી હેતુ માટે નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) કેટલી જમીનોમાં શરતભંગ થયાનું જણાયું, અને

(૪) બિન ખેતી હેતુ માટે જમીન જુની શરતમાં તબદીલ થવાથી કેટલું પ્રિમીયમ વસૂલ કરવામાં આવ્યું?

----

**કચ્છમાં બીપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્તોને સહાય ચુકવવા બાબત**

15/4/1351 *56 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બિપરજોય વાવાઝોડાથી થયેલ નુકશાન અન્વયે નખત્રાણા,અબડાસા અને લખપત તાલુકાઓમાં અસરગ્રસ્તોને સહાય માટે કેટલી અરજીઓ આવી,અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને

(૩) કેટલી સહાય ચુકવવામાં આવી?

----

**પાટણ અને મોરબી જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત**

15/4/1570 *57 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મોરબી જિલ્લા/ શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

**જામનગર અને પોરબંદર જીલ્લામાં ખનિજ ચોરીના દંડ પેટે વસુલવાની બાકી રકમ**

15/4/1549 *58 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કેઃ-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૨/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૦૫ (અગ્રતા-૯૩)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી જામનગર જિલ્લામાં ૧૬૮૬.૮૬ લાખ અને પોરબંદર જિલ્લામાં રૂ.૩૪૫૪૯.૭૪ લાખની રકમ વસુલવાની બાકી હતી, તે પૈકી કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉકત જિલ્લાવાર વસુલવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર કોની પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

(૩) ઉકત બાકી રકમ વસુલવા ઉકત સ્થિતિએ કોની સામે શા પગલાં લીધાં ?

----

## માંડવીથી ઓખા બેટ વચ્ચે જળ માર્ગ શરૂ કરવા અંગે

15/4/1513 *59 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**બંદરો :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જીલ્લાના માંડવીથી દ્વારકા જીલ્લાના ઓખા-બેટ વચ્ચે જળ માર્ગ પર છેલ્લે ફેરી સર્વિસ ક્યારે ચાલી હતી,

(૨) ઉકત સ્થિતિએ આ જળ માર્ગ પર ફેરી સર્વિસ ચાલે છે કે કેમ,

(૩) જો ના, તો ફરીથી ચાલુ કરવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે?

----

## કચ્છ જિલ્લામાં જે.પી. સિમેન્ટ દ્વારા કરેલ દબાણ સામે ફરીયાદ

15/4/1562 *60 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ જે.પી. સિમેન્ટ દ્વારા હે. ૩૦-૩૦૧૦માં દબાણની ફરીયાદ અન્વયે દબાણ દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલું દબાણ દૂર કરવાનું બાકી છે, અને

(૩) ઉકત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

----

## રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લ્હેણી રકમ

15/4/1401 *61 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) ઉક્ત લેવાની નીકળતી રકમ પેટે વેરા, લોન, વ્યાજ અને અન્ય કયા પ્રકારની કેટલી રકમ છે, અને

(૩) ઉક્ત બાકી રકમ વસુલવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા?

----

## છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1590 *62 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને દાહોદ જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## બનાસકાંઠા જિલ્લાના સુઈગામ ખાતે બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી

15/4/549 *63 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સુઈગામ ખાતે કેટલા ખર્ચે બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી ક્યારે મંજુર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે?

----

## વડોદરા જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1576 *64 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----

## અમદાવાદ (સુભાષબ્રીજ) જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીનું બાંધકામ

15/4/967 *65 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ (સુભાષબ્રીજ) જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામનું મંજૂર થયેલ કામ કયા તબક્કે છે,

(૨) આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ

15/4/968 *66 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## ભાવનગર જિલ્લામાં ધોળા જંક્શન પાસે રેલ્વે આરઓબીની કામગીરી

15/4/1581 *67 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ધોળા જંક્શન પાસે રેલ્વે આરઓબી માટેનું કામ ક્યારે મંજુર થયેલ છે,

(૨) ઉક્ત કામ કેટલા સમયમાં પુર્ણ કરવાની શરતે કોને ક્યારે કામગીરી સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પુર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

----

## બનાસકાંઠા જિલ્લામાં સરકારી તથા ખરાબાની પડતર જમીન પર દબાણ

15/4/1221 *68 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખરાબાની પડતર જમીન ઉપર કેટલું દબાણ કરવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત દબાણો કયા પ્રકારના છે, અને

(૩) આ દબાણો ખાલી કરવા માટે છેલ્લા બે વર્ષમાં સરકારે શાં઼ પગલાં લીધા છે?

----

## નખત્રાણા નગરપાલિકાનું મંજૂર મહેકમ

15/4/1199 *69 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નખત્રાણા નગરપાલિકાનું કેટલું મંજુર મહેકમ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યા ભરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

----

## કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવણી

15/4/980 *70 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો ઉક્ત બાબતે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય તો કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા અને ખેડા જિલ્લામાં નશીલા પદાર્થોનો જથ્થો પકડવા બાબત

15/4/1563 *71 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને ખેડા જિલ્લા/શહેરમાંથી જિલ્લા/શહેરવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લા/શહેરવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી?

----